સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં હાડ ધ્રુજાવતી ઠંડીનો જનઆરોગ્ય ઉપર એટેક : શ્વાસ, હૃદયરોગના દર્દીઓની હાલત કફોડી

૫ દિવસથી કાતિલ ઠંડીએ જનજીવનને બાનમાં લેતાં હોસ્પિટલો ઉભરાઈ

બાયડ તા.૧૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૫ દિવસથી તિવ્ર ઠંડીની અસરથી જનજીવન તોબાહ પોકારી ગયું છે. પરોઢ થી રાત સુધી ઠંડીનો કહેર વરસતાં જનજીવન રીતસરનું બાનમાં આવી જતાં હવે તેની વિપરીત અસર જનઆરોગ્ય ઉપર દેખાઈ છે. બંન્ને જિલ્લામાં ઠંડીના વધતા પ્રકોપમાં ખાસ કરીને શ્વાસ તેમજ હૃદયરોગના દર્દીઓની હાલત કફોડી બની છે. ઠંડીના કહેરથી વાયરલ બિમારીએ માથું ઉંચકતાં શરદી, ઉધરસ, તાવ સહિતની બિમારીમાં અસંખ્ય લોકો પટકાતાં ખાનગી તેમજ સરકારી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. બંન્ને જિલ્લામાં હાડથીજવતી ઠંડીનો જનઆરોગ્ય ઉપર એટેક થયો હોય તેવી સ્થિતિ સામે આવી છે.

જિલ્લામાં આ વર્ષે શિયાળાની ઠંડી અગાઉના વર્ષોના રેકર્ડ તોડવા તરફ આગળ વધી રહી છે. તિવ્ર ઠંડીનું મોજુ ફરી વળતાં વાતાવરણ સેન્ટ્રલી એ.સી.માં ફેરવાઈ ચૂક્યું છે. જેના લીધે પરોઢના જનજીવનને વ્યાપક અસર થવા લાગી છે. ઠંડીની તિવ્રતાથી પ્રજાજનો કામ સિવાય ઘરની બહાર જવાનું ટાળી રહ્યા હોવાથી રહેણાંક વિસ્તારના માર્ગો ઉપર જાણે કે જનતા કરફ્યું હોય તેવી સ્થિતિ વહેલી સવારે અને સાંજે જોવા મળી રહી છે. જ્યારે ઠંડીની અસરના કારણે ધંધા-રોજગારોને પણ માઠી અસર થવા લાગી છે. જિલ્લામાં ઠંડીનું જોર વધતાં હવે જનઆરોગ્ય ઉપર તેની વિપરીત અસર થવા લાગી છે. અસંખ્ય લોકો વાયરલ બિમારીમાં પટકાયા છે. ઠંડીની સાથે મચ્છરોનો ઉપદ્રવ અનેક ગણો વધી જતાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મચ્છરજન્ય રોગચાળાના કેસ ધીરે ધીરે બહાર આવી રહ્યા છે. જિલ્લામાં એક તરફ ઠંડીની તિવ્રતા તો બીજી તરફ લગ્નસરાની સીઝન પૂરબહારમાં ખીલી હોવા છતાં બસ મથકોમાં મુસાફરોની પાંખી હાજરી સ્પષ્ટ જોવા મળી રહી છે. જિલ્લામાં આગામી સમયમાં હજુ પણ ઠંડી વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. કાશ્મીર તેમજ હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષાની અસરથી જિલ્લો કોલ્ડવેવની ઝપેટમાં આવી ગયો છે. જિલ્લામાં લઘુત્તમ તાપમાનનો પારો ૯ થી ૧૧ ડિગ્રી સુધી સિમિત રહેવાની સાથે વહેલી પરોઢે ઝાકળ વર્ષાના કારણે ઠંડીની તિવ્રતા વધુ અનુભવાઈ રહી છે.

હર ફીક કો ધુવે મેં ઉડાતા ચલા ગયા : ધુમ્રપાનનો કાયદો હવામાં ઉડ્યો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સરકારી કચેરીઓ તેમજ જાહેર સ્થળોએ ધુમ્રપાન કરવા ઉપર પ્રતિબંધ છે છતાં મોટાભાગના સ્થળોએ હર ફીક કો ધુવે મેં ઉડાતા ચલા ગયા..ની સ્થિતિ છે. કાયદો અમલી બન્યો તે સમયે આરંભે સુરાની જેમ એસ.ટી. બસ મથકોમાં ધુમ્રપાન કરનાર ગણ્યા ગાંઠ્યા મુસાફરો પાસે દંડની રકમ વસુલવામાં આવી હતી પરંતુ ત્યાર પછી ધુમ્રપાન નિષેધનો હવામાં ધુમાડો નિકળી રહ્યો છે.

ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં છૂટથી દારૂની રેલમછેલ થઈ રહી છે. જાહેરમાં બીડી, સીગારેટના ધુમ્રપાનથી અન્ય લોકોના આરોગ્ય ઉપર માઠી અસર થતી હોવાથી ગાંધી જયંતિના દિવસથી તમામ વિસ્તારોમાં જાહેરમાં ધુમ્રપાન કરવા ઉપર પ્રતિબંધ મૂકી દેવાયો હતો. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ શરૂઆતમાં ધ્રુમપાન નિષેધના અમલ માટે તંત્રમાં સડવડાટ જોવા મળ્યો જેમાં ખાસ કરીને એસ.ટી. બસ મથકોમાં વ્યસની મુસાફરો બીડી, સીગારેટના કસ ખેંચી અન્ય મુસાફરોને ગુંગળામણની સ્થિતિમાં મૂકી દેતા હતા જેથી કાયદાના અમલ પછી ધુમ્રપાનથી છૂટકારો મળશે તેમ અન્ય મુસાફરો માનતા હતા પરંતુ ગુજરાતી આરંભે સૂરાની જેમ એસ.ટી. તંત્રના જવાબદારોએ શરૂઆતમાં જ ગણ્યા ગાંઠ્યા મુસાફરો સામે બીડી સીગારેટ ફુંકવા ઉપર દંડનીય કાર્યવાહી કરી હતી પરંતુ ત્યાર પછી ધુમ્રપાન નિષેધ અભરાઈએ ચડી ગયો છે જેથી જિલ્લાના બાયડ, મોડાસા, માલપુર, મેઘરજ, હિંમતનગર, તલોદ, પ્રાંતિજ સહિતના બસ મથકો ઉપર રોજ અસંખ્ય મુસાફરો બીડી, સીગારેટ ફૂંકી કાયદાનો ધુમાડો કાઢી રહ્યા છે. જિલ્લામાં બસ મથકો ઉપરાંત સરકારી કચેરીઓમાં પણ આવી સ્થિતિ છે. કચેરીઓમાં કામ અર્થે આવતા અરજદારો ખુલ્લેઆમ કાયદાનું ઉલ્લંઘન કરતા જોવા મળે છે છતાં કોઈ જ પગલાં ભરવામાં આવતાં નથી. એટલું જ નહીં પરંતુ સીગારેટના શોખીન સરકારી બાબુઓ પણ કચેરીમાં કસ ખેંચતા જોવા મળી રહ્યા છે.

શાળાઓ બંધ, ટ્યુશનના હાટડાં ધમધમ્યા

સાબરકાંઠા-અરવલ્લીમાં લાલચુ શિક્ષકોએ વિદ્યાર્થીઓની જીંદગી જોખમમાં મુકી : ભ્રષ્ટ તંત્રના નાક નીચે ચાલતા ટ્યુશનના અડ્ડા !!

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમણ વકરતાં ધો. ૧ થી ૯ નું ઓફલાઈન શિક્ષણ વિભાગ દ્વારા બંધ કરાવી વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લીધો પરંતુ જિલ્લામાં લાલચુ શિક્ષકોએ ટ્યુશનના અડ્ડા ચાલુ રાખી વિદ્યાર્થીઓની જીંદગી જોખમમાં મુકી દીધી છે. ભ્રષ્ટ તંત્ર તપાસના નામે તાયફા રચી ટ્યુશનની બદી ન હોવાના દાવા કરી રહ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર વર્ષ-૨૦૨૨ના આરંભે કોરોનાની ત્રીજી લહેર વધુ વકરી છે. રાજ્યના શિક્ષણ વિભાગે કોરોનાના કેસ વધતાં ધો. ૧ થી ૯ નું ઓફલાઈન શિક્ષણ બંધ કરી વાલીઓની ચિંતા હળવી કરી પરંતુ ટ્યુશનના હાટડાં સવારથી સાંજ સુધી ધમધમી રહ્યા છે. હિંમતનગરના ટ્યુશનના હાટડાં ઉપર તવાઈ આવી પરંતુ પાછલા બારણે બધુ જ સેટીંગ થઈ જતાં ટ્યુશનીયા વિજ્ઞાન શિક્ષકને ક્લીનચીટ અપાઈ. ત્યારે હાલ પણ જિલ્લાના તમામ શહેરી-ગ્રામ્ય વિસ્તારોમાં ટ્યુશનના હાટડાં કોરોનાના ડર વગર ચાલી રહ્યાં છે.

વાલીઓ પણ તે માટે મહદઅંશે જવાબદાર છે. ત્યારે સરકાર અને વહીવટીતંત્રને ધમધમતી ટ્યુશનની હાટડીઓ કેમ દેખાતી નથી, ઉચ્ચ કક્ષાએથી જિલ્લામાં ટ્યુશનના હાટડાં શોધવા ટીમો મોકલવામાં આવે તો જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ચાલતા અનહદ ભ્રષ્ટાચાર, ટ્યુશનીયા શિક્ષકો સાથેની સાંઠગાંઠ બહાર આવશે.

ગાંધીનગર સમાચારને વિગત મોકલો, ટ્યુશનીયા શિક્ષકોને ખુલ્લા પાડશું

વિદ્યાર્થીઓની જીવનના હિતમાં ગાંધીનગર સમાચાર ટ્યુશનના હાટડાં ખુલ્લા પાડશે. આપના વિસ્તારમાં ધમધમતી ટ્યુશનની હાટડીઓના ફોટા અમને મોકલશો જેથી ભ્રષ્ટ તંત્રની પોલ ખોલી શકાય. ટ્યુશનના હાટડાંની વિગતો મોબાઈલ નં. ૯૨૬૫૮૧૪૪૧૮ ઉપર મોકલી આપવા, અમે નિર્ભયી બની ટ્યુશનના હાટડાં ચલાવતી શૈક્ષણિક સંસ્થાઓ અને ટ્યુશનીયા શિક્ષકોને ખુલ્લા પાડીશુ.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વિજ થાંભલા તારમાં લપેટાયેલા પતંગ-દોરા જોખમ નોંતરશે

ઉત્તરાયણ પૂર્વે જાગેલું તંત્ર ફરીથી નિંદ્રામાં..!!

બાયડ તા.૧૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉત્તરાયણના તહેવાર દરમ્યાન હાઈટેન્શન વિજ તાર અને થાંભલાઓ ઉપર જલાઈ જતા પતંગ-દોરા કોઈ જાનહાની ન સર્જે તે માટે તંત્ર દ્વારા લોક જાગૃતિ લાવવાનો પ્રયાસ થયો હતો. પરંતુ પતંગ પર્વ સંપન્ન ગઈ ગયા પછી ખુદ વિજ તંત્ર જ ફરીથી ગાઢ નિંદ્રામાં સરી પડતાં જિલ્લાના અનેક વિસ્તારોમાં વિજ થાંભલા તથા હાઈટેન્શન વિજ તાર આસપાસ પતંગ-દોરા જોલા ખાતા નજરે પડી રહ્યા છે. જ્યારે વિજ તારમાં લપેટાયેલા પતંગ-દોરા મોટું જોખમ ઉભું કરે તેમ હોવાથી તંત્ર આળસ ખંખેરી હાઈટેન્શન તાર તથા વિજ થાંભલાઓ પરથી પતંગ-દોરા દૂર કરે તે જરૂરી છે અન્યથા મોટી દુર્ઘટના થવાની શક્યતા પણ નકારી શકાતી નથી.

જિલ્લામાં દર વર્ષે ઉત્તરાયણના તહેવાર સમયે વિજ થાંભલા તથા વિજ તાર ફરતે પતંગ-દોરા વિંટળાઈ જતા હોવાથી વિજ સમસ્યાઓ ઉભી થવાથી માંડી હાઈટેન્શન વિજ તારમાંથી તણખા ઝરવાથી આગના બનાવો પણ ભૂતકાળમાં બન્યા હોવાથી તંત્ર દ્વારા આ વર્ષે હાઈટેન્શન તાર તથા થાંભલા ઉપર જોલા ખાતા પતંગ-દોરા કોઈનો જીવ ન લે તો માટે લોકજાગૃતિનો પ્રયાસ હાથ ધરવામાં આવતાં જિલ્લામાં ક્યાંય કોઈ જાનહાની કે વિજ શોક લાગવાનો બનાવ ઉત્તરાયણ પર્વ દરમ્યાન નોંધાયો નથી પરંતુ ઉત્તરાયણ પર્વ પૂરતી વિજ તંત્રએ તકેદારી રાખી હોય તેમ પતંગ પર્વ સંપન્ન થયા પછી વિજ તાર તથા થાંભલા ઉપર લટકતા પતંગ-દોરા દૂર કરવાની કામગીરી હાથ ન ધરાતાં મોટું જોખમ દેખાઈ રહ્યું છે. જિલ્લામાં ખાસ કરીને પતંગ પ્રત્યે બાળકોને વધુ આકર્ષણ રહેલું છે અને તેમાંય કપાયેલ પતંગ ક્યાંય જોલા ખાતી હોય તો બાળકો જીવના જોખમે પણ પતંગ ઉતારવાનો અચૂક પ્રયાસ કરતાં હોય છે તે સંજોગોમાં વિજ તાર અને થાંભલાઓ ઉપર લટકતા પતંગો ઉતારવા માટે રખેને કોઈ બાળક પ્રયાસ કરે તો જાનહાની થાય તેવી સંભાવનાઓ તંત્રની આળસથી વધી ગઈ છે. જિલ્લામાં ઉત્તરાયણ પર્વ સંપન્ન થઈ ગયા પછી પણ વિજ તાર તથા થાંભલાઓ ફરતેથી પતંગ-દોરા દૂર ન કરાતાં તંત્રની આળસ ફરીથી છતી થઈ છે. ઉત્તરાયણ પૂર્વે ખુદ તંત્રએ જ જાહેરાતોના માધ્યમથી લોક જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ઉત્તરાયણ પર્વ સંપન્ન થતાં તંત્રની કહેવાતી તકેદારીને કોરાણે મૂકી દેવાઈ હોય તેમ તંત્ર દ્વારા હાઈટેન્શન વિજ તાર તથા થાંભલાઓ ઉપરથી પતંગ-દોરા દૂર ન કરાતાં જિલ્લામાં આજ કારણોસર વિજ સમસ્યા ઉભી થવાની પણ શક્યતાઓ દેખાઈ રહી છે.

જિલ્લામાં તળાવો ઊંડા કરવામાં મોટાપાયે કૌભાંડ આચરાયું

સ્ટેટ-જિલ્લા પંચાયત વિભાગના કૌભાંડની વિજીલન્સ તપાસની માંગ : એકનાં એક તળાવ ફરી કાગળ ઉપર ઊંડા કરી દેખાડ્યા !!

હિંમતનગર, તા. ૧૭

જિલ્લામાં તળાવો ઊંડા કરવામાં મોટા પાયે કૌભાંડ આચરાયાની ૫ પાનાની લેખીત ફરીયાદ સી.એમ.ઓ. તેમજ તકેદારી આયોગ સુધી પહોંચ્યાની ચર્ચા છે. સ્ટેટ-જિલ્લા પંચાયત વિભાગમાં ફળવાતી ગ્રાન્ટોમાં કરોડો રૂપીયાનું કૌભાંડ આચરવાનું તરકટ છેલ્લા કેટલાક સમયથી ચાલતુ હોવાનું વિભાગના ઈજનેર દ્વારા જણાવાયુ છે.

જિલ્લામાં દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા તળાવો ઊંડા કરવા માટે કરોડો રૂપીયાની ગ્રાન્ટ ફાળવે છે. માત્ર દેખાડા કરી તળાવ ઊંડા કરવાની કામગીરી ૧૦ થી ૧૨ દિવસ ચાલ્યા પછી ધંધો આટોપી લેવાય છે. જાણવા મળ્યા મુજબ વિજીલન્સ તપાસ કરવામાં આવે તો પાછલા ૩-૪ વર્ષમાં મોટાભાગે એકના એક તળાવ ઊંડા કરવાના બિલ રજૂ કરાયા છે. જ્યારે સ્ટેટ સિંચાઈ વિભાગમાં પણ કરોડો રૂપીયાની ગ્રાન્ટ ભ્રષ્ટ અધિકારી અને કોન્ટ્રાક્ટરોની ટોળકી ઓહીયા કરી રહી છે. એક જવાબદાર અધિકારીએ ગાંધીનગર સમાચારને આપેલી વિગતમાં જણાવ્યુ છે કે તપાસ થાય તો તાલુકા-જિલ્લા અને ગાંધીનગર સુધીના ગ્રાન્ટ ચાઉ કરવાના રેકેટની સંડોવણી બહાર આવી શકે છે. આ અંગે વિભાગના ભ્રષ્ટ અધિકારીઓ વિરૂદ્ધ તપાસ નહી થાય તો તેઓ પોતે મુખ્યમંત્રીને રૂબરૂ મળી જિલ્લાના ૯૦ તળાવોની ઊંડા કરવાની કામગીરી કેવી ફારસરૂપ હતી તેની વિગતો જણાવવાનું જાહેર કર્યુ છે. જ્યારે તળાવ ઊંડા કરવાની કામગીરીમાં હંમેશા ફંડ-દાન મેળવતા પદાધિકારીઓની સંડોવણી છે કે કેમ !! તે પણ તપાસનો વિષય છે.

કોન્ટ્રાક્ટરે અધિકારીની દિકરીને પાંચ લાખની કાર આપી !!

ગરમાગરમ ચર્ચા એવી છે કે સિંચાઈ વિભાગમાં કામ કરતા એક કોન્ટ્રાક્ટરે તળાવ ઊંડા કરવાની કામગીરીમાં ભાગ બટાઈ કરી અધિકારીને ખુશ કરતા અધિકારીની દિકરીને સફેદ કલરની રૂ. ૫ લાખની કાર ભેટ કર્યાનું સંભળાય છે. ભ્રષ્ટાચાર આજે નહીં તો કાલે બહાર આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

સુજલામ સુફલામ કેનાલના કામોની તપાસ કરાવવા માંગ

અરવલ્લી જિલ્લાના ખેડૂતોને સુજલામ કેનાલનો લાભ મળતાં ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરી છે. જ્યારે મહીસાગર જિલ્લાના કીડી-પરબીયાથી બાયડ તાલુકાના અલવાકંપા સુધી થયેલા ટેન્ડરીંગ કામોની તપાસ થાય તો અનેક ચોંકાવનારી વિગતો સામે આવી શકે છે. રાજ્ય સરકાર દ્વારા સમિતિ રચી તપાસ કરવામાં આવે તો ગ્રાન્ટો મળ્યા પછી તેનું મેજરમેન્ટ દર્શાવ્યા પ્રમાણે કામો થયા છે કે કેમ !! તેની વિગતો ચકાસવામાં આવે તો સંભવ છે કે મેજરમેન્ટ કરતાં અનેક ગણી સ્થિતિ અલગ આવી શકે છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ફૂતરાઓમાં ખસનો રોગચાળો પ્રસર્યો

બાયડ તા.૧૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શિયાળો રખડું ફૂતરાઓ માટે યાતનામય બની રહ્યો હોય તેમ ઠંડીના પ્રારંભ સાથે જ ફૂતરાઓમાં ખસનો રોગચાળો વ્યાપકપણે પ્રસર્યો છે. ખસનો રોગ ચેપી હોવાથી વધુ ને વધુ ફૂતરાં રોગચાળાની ઝપટમાં આવી જતાં ફૂતરાઓના શરીર ઉપરથી રૂંવાટી અદ્રશ્ય થઈ જતાં ફૂતરાંની હાલત દયનીય બની રહી છે. જ્યારે ખસના રોગથી પીડાતાં ફૂતરાં ખોરાક પણ સુખેથી આરોગી શકતાં ન હોવાથી કેટલાક જીવદયા પ્રેમીઓએ ખસના રોગી ફૂતરાંને સારવાર આપવાના પણ પ્રયાસો શરૂ કર્યાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં રખડતા ફૂતરાંની વસતીને નિયંત્રણમાં રાખવાના કોઈ ઠોસ પ્રયાસો થયા ન હોવાથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં રોજ ફૂતરાંની સંખ્યા વધી રહી છે. જ્યારે છેલ્લા કેટલાક વર્ષોથી ફૂતરાં કરડવાના બનાવો પણ ચોંકાવનારી રીતે વધી ગયા છે. જિલ્લામાં ફૂતરાંને માનવીનો સૌથી વફાદાર મિત્ર માનવાને બદલે તેના સ્વભાવના કારણે ફૂતરાં તરફ ધ્રૂણાની નજરે જોવાતું હોય છે. જિલ્લામાં શિયાળાના આરંભ સાથે જ રખડું ફૂતરાંમાં ખસના રોગનું સંક્રમણ ફેલાયું હોય તેમ એક પછી એક ફૂતરાં ખસનો ભોગ બની રહ્યાં છે. રોગનો ભોગ બનેલા ફૂતરાઓના શરીર ઉપરથી રૂંવાટી દૂર થઈ જતાં ફૂતરાંઓને સતત શરીર ઉપર ખંજ ઉપડતી હોવાથી ખોરાક આરોગવાને બદલે ફૂતરાં દોડાદોડી કરતાં જોવા મળી રહ્યાં છે. જિલ્લામાં ઠંડીની મોસમમાં ફૂતરાં માટે યાતના ભર્યા દિવસો શરૂ થયા હોય તેમ ખસની ઝપટે આવી જતાં રખડું ફૂતરાંની હાલત અત્યંત દયનીય બની રહી છે. જિલ્લામાં દર વર્ષે ફૂતરાઓમાં ખસનો રોગચાળો જોવા મળતો હોય છે પરંતુ તેને અટકાવવાના ભાગ્યે જ કોઈ પ્રયાસો થતા હોય છે જેથી આ વર્ષે પણ શિયાળાના આરંભ સાથે જ ફૂતરાં ખસના રોગચાળામાં સપડાઈ ગયાં છે. જિલ્લામાં ખસનો રોગચાળો વ્યાપકપણે પ્રસરી જતાં ફૂતરાં વધુ બિહામણાં બની રહ્યાં છે તો કેટલાક વિસ્તારોમાં ખસના રોગી ફૂતરાંની દયનીય હાલત જોઈ જીવદયા પ્રેમીઓએ ફૂતરાંને ખસના રોગથી મુક્ત કરવાના પ્રયાસો પણ શરૂ કર્યા છે.

બનાસકાંઠાની અદાલતો ચાલુ કરવા હાઈકોર્ટના ચીફ જસ્ટીસને રજુઆત

રાજ્યમાં કોરોનાની ત્રીજી લહેરને લઈ ગુજરાત હાઈકોર્ટે દ્વારા તા.૭ જાન્યુઆરીથી કોર્ટ પરિસર વકીલો અને પક્ષકારોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવા આવતા બનાસકાંઠા જિલ્લાની કોર્ટોની કામગીરી બંધ રહેતા વકીલોની આજીવિકાનો પ્રશ્ન ઉપસ્થિત થતા પાલનપુર બાર એસોસિએશન દ્વારા કોરોનાની નવી ગાઈડ મુજબ જિલ્લાની કોર્ટો શરૂ કરવા ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસને લેખિત રજુઆત કરાઈ છે. કોરોનાની ત્રીજી લહેરમાં પોજેટિવ કેસોમાં સતત વધારો થતાં કોરોના કોરોના સંક્રમણ રોકવા ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્ય ની કોર્ટો માં વકીલો અને પક્ષકારો ના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામા આવતા વકીલોની આજીવિકા છીનવાઈ જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતા પાલનપુર બાર એસોસિએશન દ્વારા ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસને પત્ર લખી રજુઆત કરાઈ છે કે બનાસકાંઠા જિલ્લામાં કોરોનાના કેસ મર્યાદિત સંખ્યામાં હોઈ તેમજ સરકારી, રાજકીય કાર્યક્રમ અને સામાજિક પ્રસંગ કે મેળાવડા થતા હોય તેમજ સરકારી કચેરીઓ અન્ય વિભાગોમાં લોકોની અવરજવર ચાલુ હોય તો વકીલોના હિત અને તેમના વ્યવસાયને નુકશાન ન થાય તે હેતુ નવી ગાઈડલાઈન બનાવી બનાસકાંઠાની કોર્ટોમાં બે પાળીમાં કેસ ચલાવવાની માંગ કરાઈ છે.

ડીસાના માલગઢ ગામેથી પોલીસની પરિક્ષા આપવા જતા યુવકને માર માર્યો

ડીસા તાલુકાના માલગઢ ગામે સુરેશકુમાર નારણજી માળી રહે છે. તેમના ભાઈ નવીનભાઈએ ગલાલપુરા ગામે રહેતા અશોકભાઈ દાનાભાઈની દીકરી ખુશ્બૂ સાથે પ્રેમલગ્ન કરેલા અને તે પણ સુરેશભાઈ સાથે સયુંકત કુટુંબમાં માલગઢ ખાતે રહે છે. જોકે ગત ૧૫મીના રોજ તેમના નાના ભાઈ નવીનભાઈ અને તેમના પત્ની ખુશબુબેનને લોકરક્ષક દળની પરિક્ષા હોઈ ગાંધીનગર કારમાં જવા રવાના થયા હતા. માલગઢ હાઈવે ઉપર એક કેટા કાર ઉભી હતી અને તેમની કારને હાથ કરી ઉભી રાખતા કેટા કારમાં સવાર રમણભાઈ હીરાભાઈ પ્રજાપતિ, બંસીભાઈ હીરાભાઈ પ્રજાપતિ, મુકેશભાઈ દાનાભાઈ પ્રજાપતિ, અશોકભાઈ દરગાજી માળી કારમાંથી ઉતરી ગાળો બોલવા લાગેલ. દરમિયાન નવીનભાઈની ગાડી ત્યાંથી રવાના કરેલ ત્યારબાદ પાલનપુર-અમદાવાદ હાઈવે ઉપર બ્રિજ નજીક તેમની કારને ઓવરટેક કરી આંતરીને ઉભી રખાવી હતી અને આ તમામ લોકોએ હાથમાં લોખંડની પાઈપ વડે હુમલો કરી કારના કાચ ફોડી નાખેલ અને ઝપાઝપી કરેલ. જોકે આસપાસના લોકોએઆવી તેમને મારમાંથી છોડાવેલા જોકેજતા જતા આ લોકોએ નવીનભાઈ અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

રજવાડી ઠાઠના પ્રતિક સમી ઘોડાગાડીઓનો યુગ આથમ્યો

માત્ર ધાર્મિક પ્રસંગોમાં જ જોવા મળતી ઘોડાગાડી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૭

પરીવર્તનશીલ સમયમાં મુસાફરીનાં સાધનોમાં પણ સતત પરીવર્તનો થતાં આવ્યાં છે. અગાઉ ઘોડા, ઉંટ અને બળદ ગાડામાં

મુસાફરી થતી હતી અને તેમાંય ઘોડાગાડી તો પૈસાદારોના મોભાનું પ્રતિક ગણાતી હતી. તેમાંય ખાસ કરીને રાજા રજવાડા અને નગર શેઠો ઘોડાગાડીનો વધુ ઉપયોગ કરતા હોવાથી ઘોડાગાડી રજવાડી ઠાઠનું પ્રતિક ગણાતી હતી પરંતુ મોટરકારોના યુગમાં ઘોડાગાડીનો યુગ આથમી ગયો હોય તેમ માત્ર ધાર્મિક પ્રસંગોમાં જ ક્યારેક ઘોડાગાડીનાં દર્શન થઈ જતાં હોય છે.

આધુનિક ટેકનોલોજીના યુગમાં મોટરકારોનાં એક એકથી ચડીયાતાં મોડલ માર્ગો ઉપર દોડી રહ્યાં છે અને તેનાથી મુસાફરી સગવડતા યુક્ત અને ઝડપી જરૂર બની રહી છે પરંતુ માર્ગ અકસ્માતોથી અત્યારની મુસાફરી અત્યંત જોખમી બની રહી છે. મોટરકારોનો આવિષ્કાર થયો ન હતો ત્યારે મુસાફરી માટે ઉંટ, ઘોડા અને બળદ ગાડાનો વ્યાપક ઉપયોગ થતો હતો. પરંતુ તેમાં મુસાફરીનું અંતર કાપવામાં ખાસ્સો સમય લાગતો હોવાથી મોટા ભાગના સુખી સંપન્ન લોકો ઘોડાગાડીમાં જ મુસાફરી કરવાનું પસંદ કરતા હતા એટલે રાજા-રજવાડાં સમયે બે ઘોડા જોડેલી ઘોડાગાડીઓનો વધુ ઉપયોગ થતો હતો. જ્યારે ઘોડા જોડેલી ઘોડાગાડી જ્યારે માર્ગો ઉપર પસાર થતી હતી ત્યારે અનેક લોકો ફાટી આંખે ઘોડાગાડીને જોતા જ રહી જતા હતા પરંતુ સમય બદલાતાં મુસાફરીનું સલામત સાધન ઘોડાગાડીઓનો આખો યુગ આથમી ગયો હોય તેમ રજવાડાં સાથે ઘોડાગાડીઓ પણ આજે અદ્રશ્ય થઈ ગઈ છે. અગાઉ રજવાડાં ઉપરાંત નગરશેઠો પણ ઘોડાગાડીમાં બેસી ફરવા નિકળતા હતા અને પોતાના રજવાડી ઠાઠનું પ્રદર્શન કરતા હતા. જો કે ત્યાર પછી આધુનિક યુગ શરૂ થતાં અને માર્ગો ઉપર ઘોડાગાડી, બળદગાડાંને બદલે મોટરકારો ફરતી થતાં કેટલાક રજવાડાંએ પણ ઘોડાગાડીઓને કોરાણે મૂકી દઈ તે સમયની કારો વસાવી લીધી હતી અને ત્યારથી ઘોડાગાડીના વળતા દિવસો શરૂ થયા હોય તેમ આજે મુસાફરીનાં અનેક આધુનિક વાહનો વચ્ચે રજવાડી ઠાઠનું પ્રતિક ગણાતી ઘોડાગાડીઓ લગભગ અદ્રશ્ય થઈ ગઈ છે. જો કે કેટલાક ધાર્મિક પ્રસંગોમાં ઘોડાગાડી મંગાવી હોય તો અનેક ઠેકાણે દોડધામ કર્યા પછી જ માંડ એકાદ ઘોડાગાડીની સગવડ થાય ત્યારે જાણે કે મર્સીડીઝ કાર ખરીદી હોય તેટલો આનંદ થતો હોય છે.

દેશી રજવાડાં સમયે ઘોડાગાડીની બોલબાલા હતી

દેશી રજવાડાઓનો સૂરજ તપતો હતો ત્યારે રાજ્ય સહિત સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં દરેક સ્ટેટ પાસે એક એકથી ચડીયાતી ઘોડાગાડીઓ હતી અને તેમાં બેસી રજવાડા પરિવાર નગરની પરીક્રમાએ નિકળતો હતો ત્યારે અનેક પ્રજાજનો આકર્ષક ઘોડાગાડીઓને જોઈ રજવાડાઓના નસીબને ભાગ્યશાળી માનતો હતો. જ્યારે દેશી રજવાડાઓમાં ઘોડાગાડીના ઉપયોગની સાથે રાજમાં ઘોડાગાડીના ચાલકથી માંડી તેનું સમારકામ કરનારા ખાસ માણસોને તૈયાર રખાતા હતા. દેશી રજવાડાના યુગમાં ઈડર સ્ટેટ અને તેના હાથ નીચે આવતા રજવાડા પૈકીના અનેક ગરાશદારો પાસે આકર્ષક ઘોડાગાડીઓ હોવાનું આજે પણ કેટલાક વૃદ્ધો સંસ્મરણો વાઘોડતાં જણાવી રહ્યા છે પરંતુ આજના આધુનિક યુગમાં રજવાડી ઠાઠનું પ્રતિક ઘોડાગોડી અદ્રશ્ય થઈ ગઈ છે. દેશી રજવાડા સમયે દરેક રજવાડાઓમાં ઘોડાગાડીની ભારે બોલબાલા હતી અને બે ઘોડા જોડેલી ઘોડાગાડીને મોભાનું પ્રતિક ગણવામાં આવતી હતી.